**પાનસ ગામમાં 3 મંદિર, એક મુખ્ય સહિત 3 પ્રાથમિક શાળાઓ, 3 આંગણવાડી, દૂધડેરી, સહકારી મંડળી કાર્યરત**


**ગામની કુલ વસતી 2354, ગામનો કુલ સાક્ષરતા દર 66.91 ટકા**

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

ગુજરાતમિત્ર

# આસપાસ ચોપાસ

મંગળવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫




# સહ્યાદ્રી ડુંગરોની હારમાળા વચ્ચે વસેલું નાનાપોંઢા તાલુકાનું રળિયામણું ગામ એટલે પાનસ

વલસાડ-નાશિક માર્ગ ઉપર આવેલું અને 645 હેક્ટરમાં ફેલાયેલું પાનસ ગામ શિક્ષણ, ધાર્મિક, આધ્યાત્મિક અને વિશેષ કરી ધોડી ડુંગર ઉપર 45 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા 23 હજારથી વધુ વન ઔષધિ ધરાવતા વન ઔષધીય ઉદ્યાનથી પ્રખ્યાત છે. તો તાલુકામાં સૌથી વધુ શિક્ષિત અને પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતાં મહિલા સરપંચ હિના પટેલ, ઉપ સરપંચ રાયસિંગભાઈ નવસુભાઈ જાદવ અને એમની ટીમ દ્વારા મહિલા ઉત્થાન અને ગામના સર્વાંગી વિકાસ માટે કરાયેલાં વિકાસ કામોને લઇને પણ ચર્ચામાં છે. અહીં 3 મંદિર, એક મુખ્ય સહિત 3 પ્રાથમિક શાળાઓ, 3 આંગણવાડી, દૂધડેરી, સહકારી મંડળી કાર્યરત છે. 2011ની વસતી ગણતરી મુજબ ગામની કુલ વસતી 2354 છે, જેમાં 1151 પુરુષ અને 1203 મહિલાઓ છે. અનુસૂચિત જન જાતિની કુલ વસતી 2268 જેટલી છે, જેમાં 1109 પુરુષ અને 1159 મહિલા છે. ગામનો કુલ સાક્ષરતા દર 66.91 ટકા જેટલો છે, જેમાં પુરુષ 76.53 અને મહિલા 57.77 જેટલું છે. બીપીએલ કુટુંબોની સંખ્યા (0થી 16 સ્કોર) 356, જ્યારે બીપીએલ કુટુંબ (0થી 20 સ્કોર) 426 જેટલા છે. ગામની 3 આંગણવાડીમાં કુલ 183 બાળકો નોંધાયાં છે, જેમાં વાંગણ ફળિયા ખાતે 46 બાળકો નોંધાયાં છે. જો કે, આંગણવાડીનું મકાન ન હોવાથી મુશ્કેલી નડે છે. સાથે પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રની પણ જરૂરિયાત છે.....



## આ વિસ્તારના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી

વલસાડ જિલ્લામાં હવે કપરાડા તેમજ નાનાપોંઢા બે તાલુકા જે વિધાનસભામાં આવે છે તેના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી આદિવાસી નેતા તરીકે આ વિસ્તારમાં જાણીતા છે. છેલ્લા બે દાયકાથી પાંચ વિધાનસભાની ચૂંટણી સતત જીતેલા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. જીતુભાઈનું વ્યક્તિત્વ એવું છે કે આદિવાસીઓ તેમજ ઉદ્યોગ જગતના લોકો સાથે પણ સારો ઘરોબો ધરાવે છે. પાનસ ગામ તેમના વિધાનસભા મત વિસ્તારનું ગામ છે. પાનસ ગામના વિકાસમાં પણ તેમનું યોગદાન છે. ધારાસભ્ય તરીકે જીતુભાઈની રજૂઆતો આ વિસ્તારના લોકોને પાયાની સગવડ મળે તેના માટે હંમેશાં અગ્રેસર હોય છે. આ વિસ્તારના લોકોના આરોગ્ય માટેની સુવિધાઓ હોય કે પછી શૈક્ષણિક સુવિધાઓ હોય તેના માટે રજૂઆત કરતા રહે છે. સરકારમાંથી ગ્રાન્ટ ફાળવીને સગવડો પૂરી પાડવા સુધી સતત નિરીક્ષણ કરતા રહે છે. આ વિસ્તારમાં અનહદ વરસાદ પડતો હોવા છતાં પાણીની સમસ્યા વધુ છે. તેના માટે આખા વિસ્તારમાં ચેકડેમ માટે જીતુભાઈએ એક ઝુંબેશ ચલાવી છે. ધારાસભ્ય તરીકે તેમની સતત સક્રિયતાને કારણે પાનસ સહિત આખા વિધાનસભા વિસ્તારમાં જીતુભાઈ ધારાસભ્ય કરતા પણ વધુ દરેક આદિવાસીઓના પરિવારના સભ્ય તરીકે નિકટતા ધરાવે છે. નૂતન વર્ષના દિવસે આખા વિધાનસભા વિસ્તારના આદિવાસી ભાઈ-બહેનોને ભોજન સાથે સ્નેહમિલન માટે જીતુભાઈ તેમના કાકડકોપરના નિવાસ સ્થાને બોલાવે છે. નવા વર્ષની શુભેચ્છા સાથે અહીં માનવ મહેરામણ ઊમટે છે. નાનાપોંઢાને તાલુકો બનાવવામાં પણ જીતુભાઈ ચૌધરીનો સિંહફાળો છે. પાનસ હવે નાનાપોંઢા તાલુકામાં આવે છે. નવા તાલુકા તરીકે વિશેષ ગ્રાન્ટ મળશે તેનો હવે આ તાલુકાને લાભ થશે. નાનાપોંઢા તાલુકો બન્યા બાદ હવે અહીં નવો ઇતિહાસ રચાશે.







## ગામમાં મુખ્ય પ્રાથમિક શાળા સહિત બે વર્ગ શાળાનો સમાવેશ

ગામમાં મુખ્ય પ્રાથમિક શાળા સહિત બે વર્ગ શાળા મળી ત્રણ શાળા કાર્યરત છે. મુખ્ય શાળામાં 246 બાળકો અભ્યાસ કરી રહ્યા છે, જેમાં 121 વિદ્યાર્થી અને 125 વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. 1949થી કાર્યરત મુખ્ય શાળામાં આચાર્ય તરીકે થોડા સમય અગાઉ જ ગામના જ નાગરિક અને 1998થી શિક્ષક તરીકે કાર્યરત રમણભાઈ લખમાભાઈ ભોયાની આચાર્ય તરીકે નિમણૂક થઈ છે. જ્યારે અન્ય ફળિયામાં પણ બે વર્ગ શાળા કાર્યરત છે. શાળાના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં જિલ્લા તાલુકા અને રમતગમતમાં ઝોન કક્ષા સુધી પહોંચ્યા છે. સરકાર દ્વારા જર્જરિત શાળાના સ્થાને મુખ્ય શાળાને આશરે 2 કરોડના ખર્ચે સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, ફાયર સુવિધા, અત્યાધુનિક શૈક્ષણિક સુવિધા સજ્જ શાળા બનાવી આપી છે.



## 200 વર્ષ જૂનું શિવલિંગ આસ્થાનું સૌથી મોટું કેન્દ્ર



ગામમાં ગ્રામજનો ધાર્મિકતાની દૃષ્ટિએ પણ અગ્રેસર છે. અહીં હનુમાન દાદાનું મંદિર, મરી માતા મંદિર, અંબા માતા મંદિર ઉપરાંત ભંડાર ફળિયામાં આવેલી હનુમાન દાદાની આશરે 150 વર્ષ જૂની મૂર્તિ, 200 વર્ષ જૂનું શિવલિંગ ધાર્મિક ભક્તજનો માટે આસ્થાનું સૌથી મોટું સ્થાન બન્યું છે. હનુમાન દાદાની મૂર્તિ અને શિવલિંગ માટે અનેક ઐતિહાસિક દંતકથા પણ છે. અહીં ગ્રામજનો દ્વારા પૂજા-અર્ચના, ભજન, આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો ગ્રામજનોના સહકારથી કરવામાં આવે છે. ભક્તજનો અહીં આવી ધન્યતાની લાગણી અનુભવે છે. ગામમાં પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રીજી પ્રેરિત ધોમય વૃક્ષ મંદિર પણ આવ્યું છે, જ્યાં પણ ભક્તો આવતા હોય છે.

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંયધરી યોજના

ગામમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંયધરી યોજના હેઠળ 458 કુટુંબને જોબકાર્ડ અપાયાં છે. 34 સખીમંડળ, 393 એન.એફ.એસ.એ. કાર્ડ ધારકો, 242 બીપીએલ કાર્ડ ધારકો, 62 અંત્યોદય કાર્ડ ધારકો અને 89 એપીએલ કાર્ડ ધારકો છે.



## સસ્તા અનાજની દુકાનની સુવિધા

ગામમાં આવેલી સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે આપ્તુલભાઈ પટેલ અને તેમની ટીમ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહી છે. ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાન પણ આવેલી છે. જેના સંચાલક સરકાર દ્વારા ફાળવવામાં આવતું અનાજ સહિતની વસ્તુઓ સંપૂર્ણ પારદર્શક રીતે વિતરીત કરવામાં આવે છે.

## ગામના માજી સરપંચ

- બાબુરામ ભોંયા
- સુમનબેન બાબુ રાવ
- બાબલુભાઈ
- કલ્પેશભાઈ એલ. ભોંયા

## ગ્રામ પંચાયતના શાસકો

**સરપંચ**-હિનાબેન અશોકભાઈ પટેલ
**ઉપસરપંચ**-રાયસિંગભાઈ એન. જાદવ
**સભ્યો**-રતિલાલ એન. ભોયા
- અજીતભાઈ આર. બારિયા
- સુરેખાબેન વાય. ભગરયા
- સંગીતાબેન આઇ. ગવળી
- પ્રતિબેન આર. થોરાટ
- રંગીતાબેન એ પટેલ
- **તલાટી કમ મંત્રી**-સચિનભાઈ થોરાટ

## પોસ્ટ ગ્રેજ્યુએટ મહિલા સરપંચ હિનાબેન પટેલ



સરપંચ હિનાબેન ગામની પુત્રવધૂ હોવા છતાં ઉચ્ચ શિક્ષણ ધરાવતા હોવાથી ગ્રામજનોએ સરપંચ તરીકે તેમની પસંદગી કરી અને વિજેતા બનાવી એ માટે ગ્રામજનોનો આભાર માન્યો હતો. સાથે તેમના શાસનકાળમાં બનેલું અત્યાધુનિક પંચાયતનું મકાન, સખીમંડળોને સાથે રાખી મહિલા સ્વાવલંબી યોજનાઓનો મહિલાઓને લાભ અપાવવો, મહિલાઓ આર્થિક રીતે પગભર થાય એ માટે સિવણ ક્લાસ શરૂ કર્યા. જેના પગલે મહિલાઓને કપડાં સિવડાવવાનું શીખવા સાથે મશીન પણ સરકારે આપ્યું. ઉપરાત મહત્તમ આંતરિક રસ્તા પાકા કર્યા છે. પાણીની સુવિધા માટે વિશેષ કાર્યવાહી, આંગણવાડીનું નિર્માણ સહિત સરકારી યોજનાઓ, મહિલાઓ માટેની યોજનાઓના મહત્તમ લાભો મળે એ માટે સતત કાર્યરત છે. તેમણે ઉમેર્યું કે, ગામમાં કોમ્પ્યુટર ક્લાસ શરૂ કરવા, સ્વરોજગારી માટેના ક્લાસ શરૂ કરવા, અત્યાધુનિક. લાઈબ્રેરીનું નિર્માણ કરવાથી વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માંગતા વિધાર્થીઓને પ્લેટફોર્મ મળી રહે અને ગામના પડતર તળાવને વિકસાવવા સહિતના તેમના મહત્ત્વનાં બાકી કાર્યો છે. જેને પૂરા કરવા તેઓ હંમેશાં કાર્યરત રહેશે.